# ઉત્તરપ્રદેશમાં જાતિ આધારિત રેલી પર પ્રતિબંધ



નવી દિલ્હી, તા.૧૧

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે જાહેર હીતની એક અરજી પર સુનાવણી ચલવાતીવેળા ઉત્તરપ્રદેશમાં રાજકીય પાર્ટી દ્વારા આયોજિત થતી જાતિ આધાર પર થતી રેલીઓ પર આગામી આદેશ જારી કરવામાં આવે ત્યાં સુધી પ્રતિબંધ મૂકી દીધો છે. કોર્ટે કેન્દ્ર અને રાજ્યસરકાર, ચૂંટણી પંચ, ચાર રાજકીય પક્ષો કોંગ્રેસ, ભાજપ, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીને નોટિસ ફટકારી છે. આગામી સુનાવણીની તારીખ કઈ રાખવામાં આવી છે તે અંગે હજુ સુધી કોઈ માહિતી મળી શકી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને બહુજન સમાજ પાર્ટી અને સમાજવાદી પાર્ટીએ છેલ્લા ઘણા દિવસથી સતત બ્રહ્મણ રેલી યોજી છે. આ અગાઉ વૈશ્ય સમાજ અને કુશવાહ સમાજની રેલીઓ પણ આયોજિત કરવામાં આવી ચુકી છે.

બહુજન સમાજ પાર્ટીએ છેલ્લા થોડાક દિવસ પહેલા જ આશરે ૪૦ જિલ્લાઓમાં બ્રાહ્મણ ભાઈચારા સાથે સંબંધિત કાર્યક્રમો આયોજિત કર્યા હતા. આ ઉપરાંત સમાજવાદી પાર્ટીએ પણ ગયા મહિને લખનૌમાં આવા જ કાર્યક્રમો યોજ્યા હતા. જસ્ટિસ ઉમાનાથ સિંહ અને જસ્ટિસ મહેન્દ્ર દયાલની બેંચે આ આદેશ સ્થાનિક વકીલ મોતીલાલ યાદવની જાહેર હિતની અરજી પર સુનાવણી ચલાવતીવેળા આપ્યો હતો. અરજી કરનારે કહ્યુ હતુ કે ઉત્તરપ્રદેશમાં જાતિ આધારિત રેલીઓ મોટા પ્રમાણમાં યોજાઈ રહી છે. રાજકીય પક્ષો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય સંમેલનો યોજીને અંધાધૂંધ રેલીઓ આયોજિત કરી રહ્યા છે.

અરજીદારે એવી રજુઆત કરી હતી કે સામાજિક એકતા અને એખલાશને આના લીધે નુકસાન થઈ રહ્યુ છે. બીજી બાજુ જાતિ આધારિત રેલી સમાજમાં જુદા જુદા લોકો વચ્ચે ઝેર ફેલાવવાનું કામ કરી રહી છે જે બંધારણની વિરુદ્ધમાં છે. અલ્હાબાદ હાઈકોર્ટે તર્કદાર દલીલો કરવામાં આવ્યા બાદ જાતિ આધારિત રેલીઓ પર પ્રતિબંધ લાદ્યો હતો. આ મામલાની આગામી સુનાવણી ૨૫મી જુલાઈના દિવસે હાથ ધરાશે. તમામ મોટા રાજકીય પક્ષો, ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારને તેમના અભિપ્રાય આપવાનો આદેશ કરવામાં આવ્યો છે.

# શેરબજારમાં જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યુ

મુંબઈ, તા.૧૧

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૩૮૨ પોઈન્ટ સુધરીને ૧૯૬૭૬ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો જ્યારે નીફટી ૧૧૮ પોઈન્ટ સુધરીને ૫૯૩૫ની ઉંચી સપાટીએ બંધ રહ્યો હતો. નીફટીએ ઈન્ટ્રા ડે દરમિયાન ૫૯૪૯ની સપાટી મેળવી હતી. જ્યારે સેન્સેક્સે ઈન્ટ્રા ડે દરમિયાન ૧૯૭૨૪ની ઉંચી સપાટી મેળવી હતી. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારો પણ હવે ફરી એકવાર ઉત્સાહિત બની ગયા છે. શેર અને બોન્ડમાં વૈશ્વિકસ્તરે આજે તેજી જોવા મળી હતી. ડોલરમાં કડાકો બોલી ગયો હતો. જાપાનના નિક્કી શેરમાં રિબાઉન્ડની સ્થિતિ જોવા મળી હતી. નિક્કી ૦.૪ ટકા સુધર્યો હતો. સેક્ટર અને શેરની વાત કરવામાં આવે તો બીએસઈ મેટલ ઈન્ડેક્સમાં આશરે ત્રણ ટકાનો સુધારો નોંધાયો હતો જ્યારે રિયાલિટી, બેંક, ઓઈલ એન્ડ ગેસ, કેપિટલગુડ્સ, પીએસયુ, એફએમસીજી અને આઈટી જેવા કાઉન્ટરો પર પણ તેજી જામી હતી. આ તમામમાં બે-બે ટકાનો સુધારો રહયો હતો. કન્ઝ્યુમર ડ્યુરેબલ સિવાય તમામ મોટા બીએસઈ સેક્ટરલ ઈન્ડેક્સમાં તેજી જોવા મળી હતી. મેટલ કંપનીઓના શેરમાં લેવાલી જામી હતી. હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, શીશાગોવા, સ્ટરલાઈટ ઈન્ડસ્ટ્રીઝ, તાતા સ્ટીલ, એનએમડીસી, જિંદાલસ્ટીલ, હિન્દુસ્તાન ઝીંકમાં ૨થી ૫ ટકાનો સુધારો નોંધાયો હતો. ભારતી એરટેલના શેરમાં ૩ ટકાનો સુધારો નોંધાયો હતો. ટીસીએસમાં આશરે ૩ ટકાનો સુધાર જોવા મળ્યો હતો. અન્ય જે શેરમાં આજે ઉલ્લેખનીય તેજી રહી હતી તેમાં ઓએનજીસી, આઈટીસી, તાતા પાવર, એનટીપીસી, ગેઈલનો સમાવેશ થાય છે. બ્રોડર માર્કેટમાં પણ સ્થિતિ સાનુકૂળ રહી હતી. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં આશરે એક ટકાનો સુધારો રહ્યો હતો. માર્કેટ બ્રિડથ આજે તેજી સાથે રહી હતી. ૧૩૬૬ શેરમાં તેજી રહી હતી જ્યારે ૯૬૪ શેરમાં મંદી રહી હતી. આજે શેરબજારમાં કારોબારીઓને સારી આવક થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આજે સવારે શેરબજારમાં તીવ્ર તેજી જોવા મળી હતી. કારોબાર શરૂ થતા કેટલાક સારા પરિબળોના લીધે તીવ્ર તેજી રહી હતી.નિફ્ટી એક મહિનાની ઉંચી સપાટી પર પહોંચતા ખુશી રહી હતી. દરમિયાન સેન્સેક્સ ૩૪૭ પોઈન્ટ સુધરીને ૧૯૬૪૨ની ઉંચી સપાટી પર પહોંચ્યો હતો. નિફ્ટી ૧૦૯ પોઈન્ટ સુધરીને ૫૯૨૬ની સપાટી પર રહેતા કારોબારીઓ ખુશ દેખાયા હતા. કોલ ઈન્ડિયાના શેરમાં ૩.૪ ટકાનો મોટો સુધારો થયો હતો. લાર્સન એન્ડ ટુબ્રોમાં ત્રણ ટકા જેટલો સુધાર થયો હતો. અન્ય જે શેરમાં તેજી રહી હતી તેમાં તાતા સ્ટીલ અને ઓએનજીસીનો સમાવેશ થાય છે.

**કેન્દ્રિય કેબિનેટ દ્વારા ભલામણ**

# હવે ઝારખંડમા રાષ્ટ્રપતિ શાસન દૂર કરવા સૂચન

નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્રિય કેબિનેટે ઝારખંડમાં રાષ્ટ્રપતિ શાસનને દૂર કરવાની આજે ભલામણ કરી હતી. બે દિવસ અગાઉ ઝારખંડ મુક્તિ મોરચાએ કોંગ્રેસની સાથે મળીને રાજ્યમાં આગામી સરકાર રચવાનો દાવો કરી દીધા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. કેબિનેટે ઝારખંડમાં રાષ્ટ્રપતિ શાસનને ઉઠાવી લેવા સર્વસંમતિએ નિર્ણય કર્યો હતો. કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય માહિતી



અને પ્રસારણ પ્રધાન મનીષ તિવારીએ આ અંગે પત્રકારો સાથે વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે કેન્દ્રિય મંત્રીમંડળએ સ્પષ્ટ બહુમતી સાથે ભલામણ કરી છે કે ઝારખંડમાં રાષ્ટ્રપતિ શાસનને દૂર કરવામાં આવે અને નવી સરકારની રચના કરાય. ઉપરાંત ઝારખંડના રાજ્યપાલ સૈયદ અહમદએ પણ બુધવારના રોજ કેન્દ્ર સમક્ષ રાષ્ટ્રપતિ શાસનને હટાવવા અંગેની તરફેણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ૧૮ જાન્યુઆરીથી રાષ્ટ્રપતિ શાસન લાગુ છે. ઝારખંડ મુક્તિ મોરચાના નેતા હેમંત સોરેનએ મંગળવારે રાજ્યપાલને પોતાના સમર્થ ધારાસભ્યોની યાદી સોંપી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ રાજ્યમાં વૈકલ્પિક સરકાર બનાવવા માટે તૈયાર છે. ઝારખંડ મુક્તિ મોરચાનું સમર્થન કોંગ્રેસ, રાજદ અને અન્ય નાના પક્ષો કરી રહ્યા છે. ઝારખંડમાં વિધાનસભાની ૮૨ બેઠકો છે. સોરેનને ૪૩ ધારાસભ્યોનું સમર્થન છે જેમાંથી ૧૮ ઝારખંડ મુક્તિ મોરચા, ૧૩ કોંગ્રેસ, ૫ રાજદ અને ૭ અન્ય નાના પક્ષો અથવા અપક્ષ ધારાસભ્યો શામિલ છે.

# કોરગ્રૃપની બેઠકમાં તેલંગણા મુદ્દે નિર્ણય લેવાય તેવી શક્યતાઓ

નવીદિલ્હી, તા. ૧૧

આંધ્રપ્રદેશના મુખ્ય જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહના જણાવ્યા અનુસાર સંસદના ચોમાસુ સત્ર પહેલા તેલંગણા મુદ્દા પર કોંગ્રેસ મહત્વનો નિર્ણય લે તેવી શક્યતા છે. ૧૨ જુલાઈના રોજ યોજાનારી કોંગ્રેસ કોર ગ્રૃપની બેઠક માટે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તથા ઉપમુખ્યમંત્રી બંનેને દિલ્હી બોલાવવામાં આવ્યા છે.

નોંધનીય છે કે તલંગણા મુદ્દો આંધ્રપ્રદેશમાં કોંગ્રેસ માટે કાંટાળો સાબિત થઈ રહ્યો છે. કેન્દ્ર અને રાજ્ય બંન્નેમાં હાલમાં કોંગ્રેસની સરકાર છે. પરંતુ કોંગ્રેસ આ મુદ્દાને સતત નવ વર્ષથી લટકાવી રહી છે. પરંતુ કોંગ્રેસ દ્વારા આ મુદ્દાનું સમાધાન હજી સુધી વિચારવામાં આવ્યું નથી.

પરંતુ થોડા દિવસો અગાઉ આંધ્રપ્રદેશમાં થયેલા વિવિધ વિરોધ પ્રદર્શનોના કારણે કોંગ્રેસ આ બાબત પર યોગ્ય નિર્ણય લે તેવું લાગી રહ્યું છે.

હૈદરાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ દ્વારા અલગ તેલંગણા મુદ્દે સરઘસો કાઢી વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત કેટલાક વિદ્યાર્થીઓએ અલગ તેલંગણા માટે આત્મહત્યા પણ કરી છે.

દિગ્વિજયના જણાવ્યા અનુસાર કોંગ્રેસ કોર ગ્રૃપની બેઠક માટે પ્રથમ વખત જ તેલંગણા મુદ્દા પર ચર્ચા કરવા માટે રાયલ સીમામાંથી આવતા મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડી તથા તેલંગણામાંથી આવતા ઉપમુખ્યમંત્રી ડી. રાજ નરસિંહમાને બોલાવામાં આવ્યા છે. જેથી કરીને કોંગ્રેસ આંધ્રપ્રદેશમાં તેલંગણાને અલગ કરવાથી શું ફાયદા અને શું નુકસાન થાય તેના નિષ્કર્ષ પર આવ્યા હતા. દિગ્વિજયસિંહે વધુમાં તેલંગણા મુદ્દાની ગંભીરતા બાબતે જણાવ્યું હતું કે, કોંગ્રેસે ઘણા લાંબા સમયથી બળતા એવા આ પ્રશ્ન અંગે ચર્ચા કરી સમાધાન લાવવા પ્રયત્ન કરવો જોઈએ. અને હાલમાં આ મુદ્દા બાબતે સમાધાન કરવાનો સમય પાકી ગયો છે. ૧૨ જુલાઈના રોજ યોજાનારી બેઠકમાં આંધ્રપ્રદેશના નેતાની સાથે ગુલામનબી આઝાદને પણ બોલાવવામાં આવ્યા છે. જો કે દિગ્વિજયસિંહ દ્વારા પોતાનો તેલંગણા મુદ્દા બાબતે શું મત છે તે જણાવવામાં આવ્યું ન હતું.

નોંધનીય છે કે તેલગંણાથી આવતા કોંગ્રેસના સાંસદોએ પણ હાલમાં વિવિધ બેઠકો યોજવાનું નક્કી કર્યું છે. અને આ બેઠકો યોજવા પાછળનું રહસ્ય તેલંગણા મુદ્દા પર ઝડપથી સમાધાન લાવવા પૂરતુંસિમિત છે. સાંસદ મધુ યાક્ષી ઘોડાએ જણાવ્યું હતું કે, તેઓને સોનિયા ગાંધી પર ભરોસો છે તેમણે વધુમાં કહ્યું હતું કે જ્યારે સોનિયા ગાંધી પ્રજાની માંગણી ધ્યાનમાં રાખીને જો વડાપ્રધાનનું પદ છોડી શકતા હોય તો તેઓ તેલંગણાનો મુદ્દો પણ ઝડપથી હલ કરશે.વધુ એક સાંસદ પુનમ પ્રભાકરે જણાવ્યું હતું કે જો પાર્ટી અમારી વાત નહી માને તો અમે તો ભલે શાંત થઈ જઈશું પરંતુ આંધ્રપ્રદેશની જનતા એક મિનિટનો પણ વિલંબ કર્યા વગર વિવિધ વિરોધ પ્રદર્શનો દ્વારા રાજ્યમાં તેલંગણા મુદ્દે અશાંતિ સર્જવાનો પ્રયાસ કરશે.

# વીજ કંપનીઓ ઉપર હવે ફ્યુઅલ અછતનો ખતરો

નવી દિલ્હી,તા. ૧૧

વીજળી કંપનીઓ પર હવે ફ્યુઅલ અછતનુ સંકટ સર્જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. કારણ કે ઈન્ડોનેશિયાએ લો ગ્રેડ કોલસાની નિકાસ પર પ્રતિબંધ મુકી દેવાની તૈયારી કરી લીધી છે. આના કારણે ભારતીય કંપનીઓને મુશ્કેલી ઉભી થશે. ઈન્ડોનેશિયાની સુચિત હિલચાલથી મોટી સંખ્યામાં ભારતીય કંપનીઓ પર વીજ ઉત્પાદન ખર્ચમાં વધારો થશે. આના લીધે અગ્રણી કંપનીઓને વીજના દરોમાં વધારો કરવાની ફરજ પડી શકે છે. અડધા ડઝન જેટલી કંપનીઓ તાતા પાવર, અદાણી પાવર, લેન્કો ઈન્ફ્રાટેક, જીએમઆર, એસ્સાર પાવર અને એનટીપીસીને મુશ્કેલી નડશે. આ તમામને વિજના દરોમાં વધારો કરવાની ફરજ પડી શકે છે. અત્રે નોંધનીય છે કે ઈન્ડોનેશિયા ભારતની વાર્ષિક થર્મલ કોલ આયાત પૈકી ૭૦ ટકા આયાત કરે છે. ભારતની વાર્ષિક થર્મલ કોલ આયાત આશરે ૧૧૦ મિલિયન ટનની આસપાસ છે જે પૈકી ઈન્ડોનેશિયા ૭૦ ટકા આયાત કરે છે. આવી સ્થિતીમાં ઈન્ડોનેશિયા દ્વારા કોઈ પ્રતિબંધ મુશ્કેલી ઉભી કરી શકે છે. કોલસાની ઓચી સ્થાનિક ઉપયોગીતાના કારણે ઈન્ડોનેશિયા મોટા પ્રમાણમાં કોલસાની આયાત કરે છે.ઈન્ડોનેશિયા હવે નવા રેગ્યુલેશન પર કામ કરી રહ્યું છે. જે હેઠળ તે વર્ષ ૨૦૧૪ સુધી લો ગ્રેડ કોલસાની નિકાસ પર પ્રતિબંધ મુકી શકે છે. અત્રે નોંધનીય છે કે ઈન્ડોનેશિયામાં વાર્ષિક રીતે ૩૮૬ મિલિયન ટન કોલસાનુ ઉત્પાદન થાય છે. જે પૈકી ૩૦૪ મિલિયન ટન કોલસાનો જથ્થો અથવા તો ૭૮ ટકા હિસ્સાની ચીન, ભારત, દક્ષિણ કોરિયા, જાપાન અને તાઈવાનમાં નિકાસ કરવામાં આવે છે. નિકાસના આ રેટ પર વર્ષ ૨૦૨૦ સુધી ઈન્ડોનેશિયાને તેની સ્થાનિક વીજળી કંપનીઓની માંગને પહોંચી વળવા માટે આયાત કરવાની ફરજ પડી શકે છે. તેવી સ્થિતીમાં તે હવે નિકાસ પર પ્રતિબંધ લાદવા વિચારે છે. તાતા પાવરે કહ્યું છે કે તમામ દેશોની સરકાર સ્થાનિક હિતોને ધ્યાનમાં લઈને નિર્ણય કરે છે.

# ઈન્ડિયન મુજાહિદીનની ધમકીના પગલે મુંબઈમાં કડક સુરક્ષા વ્યવસ્થા

મુંબઈ, તા. ૧૧

ઈન્ડિયન મુજાહિદીનના નામે બનેલા ટ્વિટરના એક એકાઉન્ટ પર મુંબઈ પર સંભવિત આતંકવાદી હુમલાની ધમકી બાદ મુંબઈમાં સઘન સુરક્ષા વ્યવસ્થાની ગોઠવણ કરવામાં આવી છે. નોંધનીય છે કે, આઈએમના ટવીટર એકાઉન્ટ પરથી અગામી ૭ દિવસમાં દેશની આર્થિક રાજધાની મુંબઈમાં આતંકવાદી હુમલો કરવામાં આવશે તેવી ધમકી આપવામાં આવી છે. વધુમાં આ આતંકવાદી હુમલાને રોકવાની તાકાત જો ભારત સરકારમાં હોય તો રોકી બતાવે તેમ ચેતવણી પણ આપવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મુંબઈમાં કડક સુરક્ષા વ્યવસ્થાની ગોઠવણ કરવામાં આવી જ છે,પરંતુ ત્યાંની સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ આ ધમકીથી ડરીને જીવવાની કોઈપણ પ્રકારની જરૂર નથી તેવા મત પ્રગટ કરવામાં આવ્યો છે.

મહારાષ્ટ્ર એટીએસના એક અધિકારીના જણાવ્યા અનુસાર આ એકાઉન્ટ ઓરીજનલ હોઈ તેવું લાગી રહ્યું નથી. પરંતુ તપાસ કર્તાઓ આ વાતને ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ ધમકીના કારણે એટીએસ દ્વારા તમામ અધિકારીઓને સતર્ક રહેવાનો સંદેશો પાઠવવામાં આવ્યો છે. અને મુંબઈ પોલીસને કડક સુરક્ષા વ્યવસ્થા માટે જણાવવામાં આવ્યું છે.

નોંધનીય છે કે બિહારના ગયા સ્થિત બોધિમંદિરમાં રવિવારે થયેલા શ્રેણીબંધ ૯ બોંબબ્લાસ્ટ બાદ ઈન્ડિયન મુજાહિદીન દ્વારા આ બ્લાસ્ટની જવાબદારી ટ્વિટરના માધ્યમથી લેવામાં આવી હતી અને સાથે સાથે મુંબઈમાં અગામી સમયમાં આતંકવાદી હુમલો થશે તેઓ મેસેજ પણ ફલેશ કરવામાં આવ્યો છે. અને આ આતંકવાદી હુમલાને કોઈપણ નાથી શકશે નહી તેવી ચેતવણી પણ આપવામાં આવી છે. ટવીટ કરવામાં આવેલા પેજ પર આતંકવાદીનું અગામી નિશાન મુંબઈ છે. અને રોકવા ધારો તો રોકી લો તેમ સ્પષ્ટપણે ટાંકવામાં આવ્યું છે.

હાલમાં બોંબબ્લાસ્ટની તપાસ કરી રહેલી એનઆઈએ દ્વારા આ ટવીટર એકાઉન્ટ નકલી છે કે નહી તે અંગેની ચકાસણી કરવામાં આવી રહી છે. આ સાથે મુંબઈ પોલીસ દ્વારા મુંબઈગરાઓને પણ સતર્ક રહેવા માટે તેનો મેસેજ આપવામાં આવ્યો છે.

વધુમાં મુંબઈ પોલીસ દ્વારા મુંબઈના ખૂબ જ સંવેદનશીલ સ્થળો પર સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. મુંબઈ પોલીસ ખાતાના એક અધિકારીના જણાવ્યા મુંજબ હાલમાં અમે નાગરિકોને સતર્ક રહેવા માટેનો મેસેજ આપી રહ્યા છીએ અને સાથે સાથે તેમની નજરમાં કોઈપણ શંકાસ્પદ વસ્તુ આવે તો તેની જાણ પોલીસને કરવા માટેની માહિતી આપી રહ્યા છે. હાલમાં મુંબઈના વિવિધ રેલવે સ્ટેશનો ઉપર સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી છે.

સાથે સાથે ડોંગસ્કવોડ દ્વારા પણ કેટલાક સ્થળોની ચકાસણી કરવામાં આવી રહી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે કેટલાક વાહનોની તપાસ પણ પોલીસ દ્વારા બ્લાસ્ટકની ધમકી સંદર્ભે આરંભી દેવામાં આવી છે.

રેલવે પોલીસના જણાવ્યા અનુસાર હાલમાં રેલવેના તમામ ડબ્બાઓમાં કડક સુરક્ષા વ્યવસ્થાની ગોઠવણ કરવામાં આવી છે.

સાથે સાથે દરેક ડબ્બાઓનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. અને કોઈપણ શંકાસ્પદ વસ્તુ મળે તો પોલીસ દ્વારા તેનો મેસેજ લોકો સુધી પહોંચાડવામાં આવશે તેથી લોકો સાવધાન રહે.

## સમાચાર ઝલક

- મુંબઇમાં આતંકી હુમલાની ધમકીથી પોલીસ એલર્ટ.
- ઉત્તરપ્રદેશ એથ્લેટિક મહિલા ઉપર પાંચ બદમાશોએ કારમાં ખેંચી હુમલો કર્યો.
- શ્રીનગર સચિવાલયમાં આગ, ફાયર ફાઇટરની ૧૨ ગાડીઓ આગ પર કાબુ લેવા કામે લાગી.
- ચીનમાં વરસાદથી તારાજી સર્જાઇ.
- ઇજિપ્તમાં મુસ્લીમ નેતાઓની ધરપકડ.
- આકાશગંગામાં સૌથી મોટો તારો દેખાયો.
- સોનાનાં સિક્કાઓનાં વેચાણ પર પ્રતિબંધ.
- પીઢ ફિલ્મ અભિનેતા પ્રાણની તબિય નાદુરસ્ત.
- શેરબજારમાં તેજીની રૂખ.
- ઉત્તરપ્રદેશમાં મોટા ભાગની નદીઓમાં ઘોડાપુર.
- કાલુપુર રેલ્વે સ્ટેશન પર ૨૧ કિલો ગાંજા સાથે યુવકની ધરપકડ.
- પંચમહાલના કાલોલ રસ્તા પર કારની ટક્કરથી એક જૈન સાધ્વીનું મોત, ૩ ઘાયલ.
- ખાદ્ય સુરક્ષા યોજનાનો અમેઠી, રાયબરેલીથી શુભારંભ થશે.
- આજે 'વિશ્વ વસ્તી દિન' ઉજવાયો, સરકારના અનેક કાર્યક્રમો.
- કોલસા પ્રકરણમાં સરકારની નીતિથી સુપ્રીમ લાલઘુમ.
- ઉત્તરાખંડ ત્રણધામ યાત્રા ૩૦મી સપ્ટેમ્બરથી શરૂ થશે.
- જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં તણખો પડતા ૫૩૪ કારતૂસો ફુટી ગઇ. ૨૪૦૦ બચાવી લીધી.
- ૩૦ રૂપિયામાં ૩૦,૦૦૦ રૂપિયાનો ઇલાજ, કેન્દ્રની નવી યોજના.
- બેંગ્લોરમાં ભેદી રોગચાળો, સંખ્યાબંધ મોત.
- લોન ડિફોલ્ટર્સના જામીનના નામ ફોટા અખબારમાં બેંકો પ્રસિદ્ધ કરશે.
- શાહરૂખ ખાને પોતાના પુત્રનું નામ 'અબરામ' રાખ્યું.
- શુક્ર અને શનિવારે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વ્યાપક વરસાદની આગાહી.
- કચ્છીઓને નવા વર્ષની ભેટ, જમીન માપણી નીતિ સરળ બનાવી.
- ભારતનો વૃદ્ધિ દર ઘટશે, આઇ.એમ.એફની ચેતવણી.
- ધોનીએ છેલ્લા નવ વર્ષમાં જેટલી ક્રિકેટ મેચો રમી છે તેટલી દુનિયામાં કોઇ ક્રિકેટરે રમી નથી!

# મુંબઈમાં ભેખડ ધસી પડતા ૩ લોકોના મોત

મધ્યમુંબઈમાં એન્ટોપહીલમાં ભેખડો ધસી પડવાની ઘટનામાં આજે મોતનો આંકડો વધીને પાંચ ઉપર પહોંચી ગયો હતો. એક જ પરિવારના ત્રણ લોકોના મૃતદેહ આજે સવારે કાટમાળમાંથી મળી આવ્યા હતા. બુધવારે સવારે શેખ મિસ્ત્રી દરગાહના વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. ૪૭ વર્ષિય રામ અવતાર પી કેવતનું આ ઘટનામાં ઘટનાસ્થળે જ મોત થયુ હતુ. જ્યારે તેમના પુત્ર ૨૨ વર્ષિય સંદિપનું ગંભીર ઈજા થયા બાદ હોસ્પિટલમાં મોત થયુ હતુ. ત્રણ સભ્યો કાટમાળ હેઠળ ફસાઈ ગયા બાદ ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને સીઓલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મુંબઈમાં તાજેતરમાં જ ઈમારતો ધરાશાયી થવાની ઘણી ઘટનાઓ બની છે. તંત્ર દ્વારા પણ વરસાદની સિઝનમાં આ પ્રકારની ઘટનાઓ ન બને તે માટે કેટલાક પગલાઓ લીધા છે.

# ઉત્તરાખંડમાં ભેખડ ધસી પડતા સાત લોકોના મોત

દહેરાદુન,તા. ૧૧

પુરગ્રસ્ત ઉત્તરાખંડમાં હજુ પણ કુદરતી હોનારતનો દોર જારી રહ્યા છે. એકબાજુ ગયા મહિનામાં હિમાલિયન સુનામી બાદ હજુ પણ કેટલાક વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. હજારો લોકો હજુ લાપત્તા બનેલા છે. બીજી બાજુ ઉત્તરાખંડમાં ભારે વરસાદ હજુ પણ થઇ રહ્યો છે જેથી ભેખડો ઘસી પડવા અને મકાનો ધરાશાયી થવાનો સિલસિલો જારી રહ્યો છે. આજે મકાન ધરાશાયી થતા એક જ પરિવારના સાત લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. ચમોલી જિલ્લામાં પોખરી બ્લોકમાં ભિકોના ગામમાં આ બનાવ બન્યો હતો. રુદ્રપ્રયાગ અને ઉત્તરકાશીની સાથે સાથે ચમોલી જિલ્માં પણ હિમાલિયન સુનામીની સૌથી માઠી અસર થઇ હતી. ભોગ બનેલા તમામ લોકો આર્થિક રીતે નબળા વર્ગના હતા,. તેમનીઓળખ કરી લેવામાં આવી છે. જેમાં ૫૦ વર્ષીય પુરની દેવી, ૩૫ વર્ષીય સંજુ લાલ, ૨૫ વર્ષીય તેમની પત્નિ નીલમ લાલ અને તેમની પુત્રી છ વર્ષીય ત્રીસ્ઠી, ચાર વર્ષીય શ્રષ્ટિ અને ત્રણ વર્ષીય કાજુનો સમાવેશ થાય છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીએ કહ્યું છે કે આ બનાવ વહેલી સવારે બન્યો હતો. મુખ્યપ્રધાન દ્વારા મૃતકોના પરિવારને પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

# કેદારનાથ માટે નવા રૂટ નિર્માણ પ્રક્રિયા શરૂ થઈ

નવી દિલ્હી, તા.૧૧

નેશનલ ડિઝાસ્ટર રિલિફ ફોર્સ, સેનાની સૂર્ય કમાન્ડના સૈનિકો અને નાગરિક વહિવટી તંત્રના અધિકારીઓ દ્વારા હવે યુદ્ધનાધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. કેદારનાથ ધાર્મિક સ્થળ તરફ જતા નવા માર્ગના નિર્માણ માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. છેલ્લા થોડાક દિવસમાં અતિભારે વરસાદના પરિણામ સ્વરૂપે ઉત્તરાખંડમાં હાલત કફોડી બનેલી છે. હિમાલિયન સુનામી બાદ બચાવ અને રાહત કામગીરીને પણ અસર થઈ રહી છે. કેદારનાથમાં હાલમાં જ પૂર બાદ સૌથી વધારે નુકસાન થયુ હતુ. સૂર્ય કમાન્ડની ટીમો વિસ્તારમાં પહોંચી ચુકી છે અને નવી વ્યવસ્થા સાથે આ વિસ્તારમાં નવા રૂટની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સેન્ટ્રલ કમાન્ડની ટીમો સોનપ્રયાગ ખાતે વાસૂકી ગંગાને પાર કરી લેવામાં સફળ રહ્યા છે.

# સિંહની ભારતીય કંપનીઓ સાથેની બેઠક તોફાની રહેશે

નવી દિલ્હી,તા. ૧૧

વડાપ્રધાન મનમોહનસિંહ અને ભારતીય કંપનીઓ વચ્ચે ૨૯મીજુલાઈના દિવસે મળનારી બેઠક તોફાની બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે ભારતીય કંપનીઓ પ્રવર્તમાન સંજોગોમાં લેવામાં આવેલા કેટલાક પગલાથી નાખુશ દેખાઈ રહી છે. સરકારે પહેલાથી જ કહ્યું છે કે તે કંપનીઓની તમામ બાબતોને ધ્યાનથી સાંભળવાની ખાતરી આપી ચુકી છે. વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન આનંદ શર્મા આ મહિનાની શરૂઆતમાં ભારતીય ઈન્ડ્સ્ટીરઝના વડાઓને મળ્યા હતા ત્યારે જ બેઠક તોફાની રહેવાના સંકેત મળી ગયા હતા. કારણ કે કેટલાક વડાઓએ હાલમાં લેવામાં આવેલા પગલા સામે વાંધો ઉઠાવ્યો હતો. નેશનલ મેન્યુફેકચરિંગ પોલીસીની નિષ્ફળતા સામે ભારતીય કંપનીઓ દ્વારા જોરદાર વિરોધ કરવામાં આવ્યો છે. નેશનલ મેન્યુફેકચરિંગ પોલિસી આશરે બે વર્ષ પહેલા શરૂ કરવામાં આવ્યા બાદથી આ નિતી નોંધપાત્ર રોકાણ આકર્ષિત કરવામાં નિષ્ફળ રહી છે. આનંદ શર્મા ઉદ્યોગ જગત સાથે અનેક બેઠકો યોજી ચુક્યા છે. જેમાં રોકાણ અને અન્ય પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. ગયા મહિનામાં જુનમાં શર્મા યુરોપના સત્તાવાર પ્રવાસે ગયા ત્યારે તેઓએ ઉદ્યોગપતિઓ સાથે બે ટુ બેક અનેક બેઠકો યોજી હતી. આ ઉપરાંત તેઓએ એક્સપોર્ટ કાઉન્સિલની પણ બેઠક યોજી હતી. તેમના તમામના અભિપ્રાય મેળવ્યા હતા. મુશ્કેલ સમયમાં તેમને મદદરૂપ થવા કોઈ પગલા લેવામાં આવ્યા નથી તેવી માંગ મોટા ભાગના ઉદ્યોગપતિઓ દ્વારા કરવામાં આવી હતી. હાલમાં પેન્ડિંગ રહેલા કેટલાક મહત્વના નિર્ણયને વહેલી તકે લેવા માટે ઈન્ડસ્ટ્રીઝ દ્વારા રજૂઆત કરવામાં આવે તેવી શક્યતા છે. પરંતુ હવે ડોલરની સામે રૂપિયાની ઘટતી જતી કિંમતનો મામલો પણ છવાયેલો રહે તેવી વકી છે.